## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૬/૨૦૧૪ ને શુક્રવારના રોજ સવારના ૧૧.૩૦ કલાકે મળેલ ૨૨૨ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | | |
|---|---|---|---|
| ૧ | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા | : | અધ્યક્ષશ્રી |
| ૨. | અધ્યક્ષશ્રી,<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા | : | સભ્યશ્રી |
| ૩. | પ્રમુખશ્રી,<br>વડોદરા જિલ્લા પંચાયત,વડોદરા | : | સભ્યશ્રી |
| ૪. | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | : | સભ્યશ્રી |
| ૫. | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા | : | સભ્ય-સચિવશ્રી |

આ ઉપરાંત બેઠકમાં કલેકટરશ્રી વતી, રેસીડન્સ એડી.કલેકટર તથા મામલતદારશ્રી, વડોદરા શહેર (પશ્ચિમ વિભાગ) હાજર રહેલ હતા.

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદ્દા નંબર (૧) : : સત્તામંડળની તા.૨૪/૦૧/૨૦૧૪ ની ૨૨૧ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત**

સત્તામંડળની તા.૨૪/૦૧/૨૦૧૪ ની ૨૨૧ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૩૯/૨૦૧૪ તા.૨૯/૦૧/૨૦૧૪ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા આ બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૦૨) :** સત્તામંડળની તા.૨૪/૦૧/૨૦૧૪ ની ૨૨૧ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની તા.૦૩/૧૦/૨૦૧૩ ની ૨૨૦ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા ૦૩/૧૦/૨૦૧૩ની ૨૨૦** મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૦૩):** સત્તામંડળની **તા. ૦૩/૧૦/૨૦૧૩ ની ૨૨૦** મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે ડીસેમ્બર-૨૦૧૩ થી ફેબ્રુઆરી-૨૦૧૪ સુધીના માસિક હિસાબોને બહાલી આપવા બાબત**

સત્તામંડળના **માહે ડીસેમ્બર-૨૦૧૩ થી ફેબ્રુઆરી-૨૦૧૪** સુધીના આવક તથા જાવકના માસિક હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૨૦૪) :** સત્તામંડળના માહે ડીસેમ્બર-૨૦૧૩ થી ફેબ્રુઆરી-૨૦૧૪ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર.(૪): સત્તામંડળનુ સને ૨૦૧૩-૧૪ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

સત્તામંડળનુ સને ૨૦૧૩-૧૪ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૪-૨૦૧૫ નુ અંદાજપત્ર આ સાથેના પત્રકમાં સામેલ રાખેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૨૦૫) : સત્તામંડળનુ સને ૨૦૧૩-૧૪ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૪-૨૦૧૫ નુ અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

**મુદ્દા નંબર (૫) તા.૧૭/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ** "National Summit on Inclusive Urban Development" **માં વુડા ધ્વારા આપવાના થતા ફાળાની રકમ બાબત.**

ગુજરાત અર્બન ડેવલોપમેન્ટના તા.૨૯/૦૩/૨૦૧૪ ના પત્ર નં.જીયુડીસી/ એનસીઆઇયુડી-૨૦૧૩/૨૦૧૪ થી તા.૧૭/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ "National Summit on Inclusive Urban Development" અન્વયે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા વધારાનો રૂ.૧૦/- લાખનો ફાળો આપવાનો થતો હોઇ તે મોકલી આપવા જણાવેલ છે.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા. ૦૩/૧૦/૨૦૧૩ ની ૨૨૦ મી બેઠકના ના ઠરાવ ક્રમાંક (૨૧૮૨)થી તા.૧૭/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ "National Summit on Inclusive Urban Development" અન્વયે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા આપવાના થતાં ફાળાની રકમ રૂ.૧૦/- લાખ ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની ને ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે તે અન્વયે અત્રેથી રૂ. ૧૦/- લાખનુ ચુકવણું કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ વુડાએ આપવાના થતા વધારાના ફાળાની રકમ રૂ. ૧૦/- લાખનું ચુકવણું આગામી બોર્ડની મંજુરીની અપેક્ષા તા. ૦૫/૦૪/૨૦૧૪ ના હુકમથી કરવામાં આવેલ છે. જેને બહાલી આપવા મુદ્દો બોર્ડ સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૨૦૬) : તા.૧૭/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ "National Summit on Inclusive Urban Development" અન્વયે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ચુકવેલ વધારાના ફાળાની રકમને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

**મુદ્દા નંબર (૬) શ્રી એ.સી.વ્યાસ સહાયક નગર નિયોજકને નિવૃત્તી બાદ કરાર આધારીત નિમાણુંક આપવા બાબત**

*સત્તામંડળમાં સહાયક* નગર નિયોજક તરીકે ફરજ બજાવતા શ્રી એ.સી.વ્યાસ તા. ૩૧-૦૮-૨૦૧૪ ના રોજ વય નિવૃત્તિ ને કારણે નિવૃત્ત થનાર છે.

શ્રી એ.સી.વ્યાસ વુડા કચેરીમાં તા. ૧૧/૧૧/૧૯૮૩ થી ફરજ બજાવે છે અને તા. ૩૧-૦૮-૨૦૧૪ ના રોજ વય નિવૃત્તિ ને કારણે નિવૃત્ત થનાર છે. વુડા કચેરીમાં સહાયક નગર નિયોજકની કુલ-૩ જગા છે. તે પૈકી ૧ જગા ઉપર શ્રી એ.સી.વ્યાસ ફરજ બજાવે છે જ્યારે ૨ જગા ખાલી છે. હાલમાં શ્રી એ.સી.વ્યાસ તેઓની ટેકનીકલ વિભાગની કામગીરી ઉપરાંત સિવીલ વિભાગની તમામ પ્રકારની કામગીરી તથા વહીવટી વિભાગની તમામ પ્રકારની કામગીરી સંભાળે છે.આમ શ્રી એ.સી.વ્યાસ વુડાની તમામ પ્રકારની કામગીરીના ના જાણકાર અને અનુભવી અધિકારી છે.જે ધ્યાને લેતા નિવૃત્તિ બાદ પણ તેઓની સેવાઓ ચાલુ રાખવી આવશ્યક જણાય છે.

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૩/૨૦૧૨ ના ઠરાવની જોગવાઇઓ અનુસાર સરકારી અધિકારીને નિવૃતિ પછી કરાર આધારીત નિમણુક આપવાની હોય ત્યારે તે અંગે સચિવાલયના સબંધીત વહીવટી વિભાગે, સામાન્ય વહીવટ વિભાગ,મુખ્ય સચિવશ્રી અને સબંધિત મંત્રીશ્રી મારફતે માન્ય મુખ્ય મંત્રીશ્રીની કક્ષાએ પૂર્વ મંજૂરી મેળવવાની થાય છે. પરંતુ શ્રી એ.સી.વ્યાસ વુડાની સીધી ભરતીના અધિકારી છે. જે હકીકત ધ્યાને લેતા તેઓને નિવૃતિ બાદ કરાર આધારીત નિમણૂક આપવા અંગે ચર્ચાવિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૨૦૭) :** શ્રી એ.સી.વ્યાસ, સહાયક નગર નિયોજકશ્રી ધ્વારા નિવૃતિ બાદ કરાર આધારિત નિમણુંક આપવા અંગેની તેઓની રજુઆત થયેથી નિમણુંક આપવા સૈધાંતિક મંજુરી આપી આ અંગેની આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા અધ્યક્ષશ્રી, વુડાને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુદદા નંબર. (૭) : શ્રી આર. સી.શાહ, પ્લાનીંગ આસી (હાલ ફરજ મોકુફી)ને પુનઃસ્થાપિત કરવા બાબત.**

વુડા કચેરીમાં પ્લાનીંગ આસી. તરીક. ફરજ બજાવતા શ્રી આર.સી.શાહ, અગાઉ વુડામાં સુપરવાઈઝર તરીકે એન્જીનીયરીંગ બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાનમાં બંધાયેલ માધવનગર વસાહતના બ્લોક તુટી પડવાની ઘટનામાં પોલીસ ધ્વારા ઘડાયેલ આરોપનામામાં શ્રી આર.સી.શાહને આરોપી બનાવી તેમની ધરપકડ કરાયેલ તથા તે અંગે ૪૮ કલાક પૂર્ણ થતા તા. -૦૧-૨૦૧૪ ના પત્રથી અત્રે જાણ કરતા, નિયમોનુસાર વુડા ધ્વારા તા.૧૭-૦૧-૨૦૧૪ ના હુકમ ક્રમાંક : યુડીએ/એડીએમ/૨૧/૨૦૧૪ થી શ્રી આર.સી.શાહને ફરજ મોકુફી હેઠળ તા.૧૨-૦૧-૨૦૧૪ થી અમલમાં આવે તે રીતે મુકવામાં આવેલ હતા. શ્રી આર.સી.શાહની સામે પોલીસ ધ્વારા ના.કોર્ટમાં રજુ કરાયેલ આરોપનામા સંદર્ભે, શ્રી આર.સી.શાહ ધ્વારા રેગ્યુલર જામીન અરજી કરતાં નામદાર હાઈકોર્ટ ધ્વારા શ્રી આર.સી.શાહને રેગ્યુલર જામીન તા.૧૪-૦૪-૨૦૧૪ ના હુકમથી આપવામાં આવેલ છે.

શ્રી આર.સી.શાહની ફરજ મોકુફીને ૩૦ દિવસ પૂર્ણ થતા કચેરી ધ્વારા તેઓની ફરજ દરમ્યાન નિષ્કાળજી રાખવા બદલ તા.૦૭-૦૪-૨૦૧૪ ના પત્ર નં.યુડીએ/એડીએમ/૭૬/૨૦૧૪ થી આરોપનામુ આપવામાં આવેલ, તે સંદર્ભે શ્રી આર.સી.શાહ ધ્વારા તા.૧૭-૦૪-૨૦૧૪ થી રજુ થયેલ બચાવનામા અન્વયે વધુ ચોક્કસાઈની આવશ્યકતા જણાતા, તા.૨૫-૦૪-૨૦૧૪ થી અત્રેની કચેરીના હવાલાના કાર્યપાલક ઈજનેરશ્રીની ખાતાકીય તપાસ અધિકારી તરીકે નિમણુંક કરી, ખાતાકીય તપાસ હાથ ધરવા જણાવતાં, તેઓના તા.૦૩-૦૬-૨૦૧૪ ના પત્રમાં સુચવ્યા મુજબ તપાસ મુલતવી રાખવામાં આવી છે.

શ્રી આર.સી.શાહ પ્લાનીંગ આસીસ્ટન્ટના કેસની સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૩-૨૦૦૫ તથા તા.૨૦-૦૭-૨૦૦૭ ના ઠરાવની જોગવાઈઓ અન્વયે તા.૧૧-૦૬-૨૦૧૪ ના રોજ મળેલ સમીક્ષા સમીતી ધ્વારા સમીક્ષા કરી **"ના.કોર્ટના/સરકારશ્રીના તપાસપંચ તથા તપાસ અધિકારીના આખરી નિર્ણય જે આવે તે શરતોએ અને સરકારશ્રીના સા.વ.વિભાગના તા.૨૩/૩/૨૦૦૫ ના ઠરાવના મુદ્દા નં.૪(૫) અને ૪(૬) માં સુચવેલ શરતોને આધિન શ્રી આર.સી.શાહને ફરજ મોકુફી હેઠળથી પુનઃસ્થાપિત કરવા તથા સમીક્ષા સમિતીની બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લેતા શ્રી શાહને ફરજ મોકુફી હેઠળ મુકયાને ૯૦-દિવસ ઉપરાંતનો સમય થયેલ છે તેમજ તેઓ પાસે કામગીરી લીધા સિવાય ૫૦% લેખે નિર્વાહભથ્થુ ચુકવવામાં આવે છે. તે નજરે શ્રી શાહને ફરજ મોકુફી હેઠળથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા સમીક્ષા સમિતીએ ભલામણ કરેલ છે અને બિનસંવેદશીલ જગ્યાએ નિમણુંક આપવા તકેદારી રાખવા સુચન કરેલ છે."**

સબબ, ઉપરોકત વિગતે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૦૩-૨૦૦૫ તથા તા.૨૦-૦૭-૨૦૦૭ ના ઠરાવની જોગવાઈઓને સંયુકત રીતે **વંચાણમાં લેતા ફરજ મોકુફી હેઠળના અધિકારી/કર્મચારીઓને ફરજ મોકુફીની તારીખથી ૯૦-દિવસમાં ફરજ મોકુફીનો સમય વધુમાં વધુ ૬-માસ સુધી લંબાવવો અથવા પુનઃસ્થાપિત કરવા એમ બે પૈકી એક નિર્ણય લેવાનો રહે છે**. તે નજરે શ્રી આર.સી.શાહ, પ્લાનીંગ આસી. હાલ (ફરજ મોકુફ) ને સરકારશ્રી ધ્વારા નિયુકત કરેલ તપાસપંચ તથા તપાસ અધિકારીની તપાસનો આખરી નિકાલ થતા તથા ના.કોર્ટમાં બાકી રહેલ (પેન્ડીગ) ફોજદારી કેસનો આખરી નિકાલ જે આવે તેનો અમલ કરવાની શરતે ફરજ મોકુફી પરથી નોકરીમાં પુનઃસ્થાપિત (R.E.Instate) કરવા ચર્ચાવિચારણા કરે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૨૦૮)** : શ્રી આર.સી.શાહ, પ્લાનીંગ આસી. હાલ (ફરજ મોકુફ) ને સરકારશ્રી ધ્વારા નિયુકત કરેલ તપાસપંચ તથા તપાસ અધિકારીની તપાસનો આખરી નિકાલ થતા તથા ના.કોર્ટમાં બાકી રહેલ (પેન્ડીગ) ફોજદારી કેસનો આખરી નિકાલ જે આવે તેનો અમલ કરવાની શરતે ફરજ મોકુફી પરથી નોકરીમાં પુનઃસ્થાપિત (R.E.Instate) કરવા અંગે સૈધાંતિક મંજુરી આપવામાં આવી અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું

મુધ્દા નંબર (૮) : વિશ્વામિત્રી નદીને સમાંતર પ્રતિબંધિત ઝોન-૧ માં દર્શાવેલ જમીનોમાં નીતી તૈયાર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં ઉત્તરે નેશનલ હાઇવે થી દક્ષિણે ખલીપુર સુધી વિશ્વામિત્રી નદીની બંન્ને બાજુ પ્રથમ વિકાસ યોજનાથી જ ખુલ્લી જગ્યા તરીકે ઝોનીંગ દર્શાવેલ છે તથા મુસદ્દારૂપ દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં આ જમીનોને પ્રતિબંધિત વિસ્તાર–૧ તરીકે ઝોનીંગ દર્શાવેલ છે. આ પ્રકારના ઝોનમાં જીડીસીઆરના રેગ્યુલેશનમાં કોઇપણ પ્રકારનું બાંધકામ મળવાપાત્ર ન હોઇ જે તે જમીનમાલિકો દ્વારા ઝોનફેર માટે રજુઆતો કરવામાં આવે છે. તાજેતરમાં આ બાબતે હાઇકોર્ટમાં કેશ પણ દાખલ થયેલ છે. જેમાં વુડા દ્વારા આ જમીનો માટે જરૂરી નીતી નકકી કરવા બોર્ડ સમક્ષ રજુ કરી નિર્ણય લેવામાં આવશે તે મુજબ સોગંદનામુ પણ કરવામાં આવેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૦૨/૦૨/૨૦૧૨ ના પત્ર દ્વારા વિશ્વામિત્રી નદીના બંન્ને કિનારાની લાગુ ૫૦૦ થી ૬૦૦ મીટર જમીનનો વડોદરા મહાનગર સેવાસદન તથા વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા જે તે વિસ્તાર મુજબ વિસ્તૃત સર્વે કરી સંભવિત આયોજન કરી સરકારશ્રીમાં દરખાસ્ત કરવા જણાવેલ છે. વિશ્વામિત્રી નદીની બંન્ને બાજુ પ્રતિબંધિત વિસ્તાર-૧ દર્શાવેલ મોટાભાગની જમીનો વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં હોઇ અત્રેથી વડોદરા મહાનગર સેવાસદનને જરૂરી કાર્યવાહી માટે વારંવાર જણાવેલ છે. તથા વુડા બોર્ડ બેઠક નં.૨૨૦ માં ઠરાવ ક્રમાંક ૨૨૭૧ થી પણ સવાલવાળી જમીનોનો સર્વે કરાવી વડોદરા મહાનગર સેવાસદન પાસે સવિસ્તાર આયોજન / અહેવાલ મેળવવા ઠરાવ થયેલ છે. પરંતુ વડોદરા મહાનગર સેવાસદન તરફથી આ અંગે થયેલ કોઇપણ કાર્યવાહી અંગે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને અવગત કરાવેલ નથી.આથી વિશ્વામિત્રી નદીની બંન્ને બાજુનો વિસ્તૃત સર્વે કરાવી પ્રતિબંધિત ઝોન દર્શાવેલ જમીનોના વિકાસ માટે યોગ્ય તે નીતી તૈયાર કરવા ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થેનો મુદ્દો બોર્ડ સમક્ષ રજુ થતા વિગતવાર ચર્ચા કરી તથા ચેરમેનશ્રી, સ્થાયી સમિતિ, વડોદરા મહાનગર સેવાસદન દ્વારા જણાવવામાં આવ્યુ કે વિશ્વામિત્રી નદીની આજુબાજુની જમીનોના વિકાસ માટે રીવર ડેવલપમેન્ટ સ્કીમ અંતર્ગત કન્સ્લ્ટન્ટ દ્વારા સર્વે કરાવેલ છે. તથા તેઓ દ્વારા પ્રેઝન્ટેશન પણ રજુ કરાયેલ છે. આથી વુડા વિસ્તારમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી(વડોદરા મહાનગર સેવાસદન સહીત) તથ તેને સંલગ્ન પ્રતિબંધિત વિસ્તારમાં સમાવી લે તેમ બંન્ને તરફના ૬૦૦. મી. વિસ્તારનો લેન્ડ યુઝ કન્ટુર સર્વે વુડા દ્વારા કરાવી સર્વગ્રાહી દરખાસ્ત તૈયાર કરાવી તથા મહાનગર સેવાસદન દ્વારા જે વિસ્તારનો સર્વે થયેલ હોય કે કરાવવાનો નિર્ણય કરેલ હોય તેટલો વિસ્તાર બાકાત રાખવો તેમ સર્વસભ્યશ્રીઓનું મંતવ્ય હતું આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**<u>ઠરાવ ક્રમાંક (૨૨૦૯)</u>** : વુડા વિસ્તારમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી( વડોદરા મહાનગર સેવાસદન સહીત) તથા તેને સંલગ્ન પ્રતિબંધિત વિસ્તારમાં સમાવી લે તેમ બંન્ને તરફના ૬૦૦. મી. વિસ્તારનો લેન્ડ યુઝ, કન્ટુર સર્વે વુડા દ્વારા કરાવી સર્વગ્રાહી દરખાસ્ત તૈયાર કરાવી તથા મહાનગર સેવાસદન દ્વારા જે વિસ્તારનો સર્વે થયેલ હોય કે કરાવવાનો નિર્ણય કરેલ હોય તેટલો વિસ્તાર બાકાત રાખવો તેમ સર્વાનુમતે ઠરાવી તે અંગે આગળની કાર્યવાહી કરાવની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવ્યું.

મુધ્દા નંબર (૯) : મોજે સેવાસીની જમીનોમાં સુચિત નગર રચના યોજના સેવાસી નં. ૩ બનાવવાનો ઇરાદો જાહેર કરવા બાબત.

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે સેવાસીમાં વડોદરા ગૌખાના કેનાલની પૂર્વ દિશામાં અગાઉની વિકાસ યોજનામાં ગુજરાત હાઉસીંગ બોર્ડના રીઝર્વેશન માટે અનામત રાખેલ જમીનો સરકારશ્રી દ્વારા મંજુર અને હાલ અમલી દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં પ્રતિબંધિત રહેણાંક ઝોન તરીકે દર્શાવેલ છે. આ જમીનની પૂર્વમાં વડોદરા મહાનગર સેવાસદનની નગર રચના યોજના નં. ૬૦ (ગોત્રી) , પશ્ચિમમાં વુડાની નગર રચના યોજના સેવાસી નં. ૧, ઉત્તરે વુડાની નગર રચના યોજના ખાનપુર-સેવાસી નં. ૧ તથા દક્ષિણમાં વુડાની નગર રચના યોજના ભાયલી નં.૨ આવેલ હોઇ,સવાલવાળી જમીનોમાં સુઆયોજીત વિકાસ થાય તે માટે સુચિત નગર રચના યોજના સેવાસી નં. ૩ બનાવવાનું વિચારેલ છે. આ સુચિત નગર રચના યોજનાનો વિસ્તાર લગભગ ૩૮ હેકટર જેટલો થાય તેમ છે. આ વિસ્તારની જમીનોની માપણી ખાનગી સર્વે એજન્સી મારફત કરાવવામાં આવેલ છે તથા ડીઆઇએલઆરશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે. તથા વુડા બોર્ડની ૨૨૧ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક : ૨૧૯૪ થી સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સેવાસી નં. ૩ નો હદ વિસ્તાર નકકી કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ – ૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનું અનુમોદન મેળવવા થયેલ ઠરાવ મુજબ દરખાસ્ત કરતા મુખ્ય નગર નિયોજકશ્રી , દ્વારા તા.૦૧/૦૩/૨૦૧૪ ના પત્રાંક :વડોદરા/નરયોસેવાસી નં.૩/૪૧(૧)/પરામર્શ/ દ.ગુ./૧૪૮૨ થી અધિનિયમની કલમ – ૪૧ (૧) હેઠળનું જરૂરી અનુમોદન આપેલ છે. આથી વુડાની દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં પ્રતિબંધિત રહેણાંક ઝોનમાં દર્શાવેલ આશરે ૩૮ હેકટર જમીનોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩ (સેવાસી) તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ – ૪૧ (૧) હેઠળ ઇરાદો જાહેર કરવા બાબતે ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થેનો મુદ્દો બોર્ડ સમક્ષ રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**ઠરાવ ક્રમાંક (૨૨૧૦)** - સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સેવાસી નં.૩ માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ની કલમ- ૪૧(૧) મુજબ ઇરાદો જાહેર કરવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવ્યું.

મુધ્દા નબર (૧૦) : મોજે સેવાસીના બ્લોક નં.૯૮, ફા.પ્લોટ નં.૮૮, નગર રચના યોજના સેવાસી નં. ૧ વાળી જમીનનો સુચિત નગર રચના યોજના નં.3 સેવાસીમાં સમાવેશ કરવા બાબત.

વુડા વિસ્તારમાં મંજુર નગર રચના યોજના સેવાસી નં.૧ માં બ્લોક નં.૯૮ ની જમીન સામે ફાઇનલ પ્લોટ નં.૮૮ ફાળવેલ છે. આ ફાઇનલપ્લોટ વાળી જમીનને નગર રચના યોજનામાં એપ્રોચ મળતો ન હોવાથી ફાઇનલપ્લોટ ધારક જમીનમાલિક દ્વારા તેઓને એપ્રોચ મળે તે માટે હાઇકોર્ટમાં કેશ દાખલ કરેલ હતો.જેમાં વુડા દ્વારા આ જમીનને લાગુ સુચિત નગર રચના યોજના સેવાસી નં.3 માંથી એપ્રોચ આપવા ખાત્રી આપેલ છે. જે સંદર્ભે સુચિત મુસદ્ધારૂપ નગર રચના યોજના નં.3 માં તેઓને એપ્રોચ આપવાનો થાય છે. પરંતુ વડોદરા બ્રાન્ચ કેનાલ થી શરૂ થઇ નગર રચના યોજના ખાનપુર અંકોડીયા નં.૨,ખાનપુર-સેવાસી નં.૧ માં ગૌખાના કેનાલને સમાંતર ૧૨ મીટરનો રસ્તો પસાર થાય છે. તથા આગળ ભાયલી તથા બીલની જમીનોમાંથી પણ કેનાલને સમાંતર ૧૨ મીટરનો રસ્તો પસાર થતો હોઇ સુચિત સુચિત મુસદ્ધારૂપ નગર રચના યોજના નં.3 ની દરખાસ્તમાં પણ કેનાલને સમાંતર ૧૨ મીટરનો રસ્તો રાખવામાં આવે તો સળંગ રસ્તારેષા બની શકે તેમ છે. પરંતુ નગર રચના યોજના સેવાસી નં.૧ ના ફાઇનલ પ્લોટ નં.૮૮ માંથી આ રસ્તા પસાર કરવામાં આવે તો જ રસ્તારેષા કેનાલને સમાંતર સળંગ રહે તેમ છે. આથી આ ફાઇનલ પ્લોટને સુચિત મુસદ્ધારૂપ નગર રચના યોજના નં.3 સેવાસીમા સમાવેશ કરી તેઓને હાલના ફાઇનલ પ્લોટના ક્ષેત્રફળ જેટલો જ ફાઇનલ પ્લોટ ફાળવવામાં આવે તો સળંગ રસ્તારેષાની દરખાસ્ત કરી શકાય તેમ છે. આ અંગે ફાઇનલ પ્લોટને ધારક ની સંમતી પણ હોઇ આ ફાઇનલ પ્લોટને સુચિત મુસદ્ધારૂપ નગર રચના યોજના નં.3 સેવાસીમાં સમાવેશ કરવા અંગે ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થેનો મુદ્દો બોર્ડ સમક્ષ રજુ થત વિગતવાર ચર્ચ કરવામાં આવી તથા નગર નિયોજકશ્રી દ્વારા , જણાવવામાં આવ્યું કે મોજે સેવાસીના ફાઇનલ પ્લોટ નં.૮૮, ટી.પી.સ્કીમ સેવાસી નં.૧ વાળી જમીનને એપ્રોચ આપી શકાય તેમ છે. આથી આ જમીનને નગર રચના યોજના સેવાસી નં.3 માં સમાવેશ કરવાની જરૂરીયાત રહેશે નહી. આથી સવાલવાળી ફાઇનલ પ્લોટની જમીનને સૂચિત નગર રચના યોજનામાં સમાવેશ નહી કરવા સર્વ સભ્યોશ્રીઓનું મંતવ્ય હતુ આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**ઠરાવ ક્રમાંક (૨૨૧૧ )** : મોજે સેવાસીના બ્લોક નં.૯૮, ફા.પ્લોટ નં.૮૮, નગર રચના યોજના સેવાસી નં. ૧ વાળી જમીનને સૂચિત નગર રચના યોજના સેવાસી નં. 3 માં સમાવેશ નહી કરતા આ પ્લોટને એપ્રોચ મળે તે મુજબ સૂચિત નગર રચના યોજનામાં આયોજન કરવા ઠરાવવામાં આવ્યું અને આ અંગે આગળની સઘળી કાર્યવાહી કરાવની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યું.

મુધ્દા નબર (૧૧) : વિલેજ એક્ષ્ટેન્શ એરીયામાં રહેણાંક ઝોન(આર-૧) દર્શાવવા બાબત

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં હયાત ગામતળની આજુબાજુ ખેતીવિષયક ઝોન હોય તો ૫૦૦૦ સુધીની વસ્તીવાળા ગામોમાં ગામતળથી ૩૦૦ મીટરમાં તથા ૫૦૦૦ થી વધુ વસ્તીવાળા ગામોમાં ૬૦૦ મીટરમાં રહેણાંક ઝોન(આર-૧)મુજબ ઉપયોગો મળવાપાત્ર થાય તે મુજબ પ્રવર્તમાન જીડીસીઆરમાં જોગવાઇ છે.જેને કારણે મોજે દશરથ, ઉંડેરા, કોયલી, અંકોડીયા, અંપાડ, જાસપુર, ચાણસદ, ઘનીયાવી, પવલેપુર, સાંકરદા, પદમલા, વિગેરે ગામોમાં હયાત નાળીયા રસ્તાનો ઉપયોગ કરી બિનઆયોજીત વિકાસ થઇ રહેલ છે.અગાઉ તા.૧૧/૦૬/૨૦૧૦ની ૨૦૭મી બોર્ડ બેઠકમાં ઠરાવક્રમાંક ૨૦૨૦થી આવતા વિસ્તારમાં નગર રચના યોજનાઓ હાથ ધરવા ઠરાવ થયેલ છે. પરંતુ ઝોનીંગના અભાવે તથા નગર રચના યોજનામાં કેટલુ ક્ષેત્રફળ ફાળવું તે નક્કી થઇ શકે તેમ ન હોઇ વિલેજ એક્ષ્ટેન્શન વિસ્તારમાં રહેણાક ઝોન(આર-૧) નક્કી કરી નગર રચના યોજના બનાવવા માટે વિચારે શકાય અન્ય સત્તામંડળોમાં આવી વિલેજ એક્ષ્ટેન્શન એરીયાની જમીનોમાં રહેણાંક ઝોન નકકી કરી દેવામાં આવેલ હોઇ દરેક હયાત વિલેજની આજુબાજુના આવા વિસ્તારોની નગર રચના યોજના બનાવી સુઆયોજીત વિકાસ થઇ શકે તે મુજબનું આયોજન કરેલ છે. જે મુજબ જ વુડા વિસ્તારમાં પણ ૩૦૦ કે ૬૦૦ મીટરની મર્યાદાને બદલે ૧૦૦ હેકટર કે તેથી મોટી નગર રચના યોજના બનાવી શકાય તે મુજબ રહેણાંક ઝોન(આર-૧) માં આવો વિસ્તાર મૂકી દેવામાં આવે તો આવા ગામોની આજુબાજુના વિસ્તારમાં નગર રચના યોજના તૈયાર કરી સુઆયોજીત વિકાસ કરી શકાય તેમ છે.આથી વુડા વિસ્તારના હયાત ગામતળની આજુબાજુ ખેતીવિષયક ઝોન ધરાવતા વિલેજ એક્ષ્ટેન્શન એરીયામાં રહેણાંક ઝોન દર્શાવવા અંગેની બાબત વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે જીડીસીઆરમાં વિલેજ એક્ષસ્ટેન્શન એરીયાની જોગવાઇ થયેલ છે. આથી આ વિસ્તારમાં રહેણાંક ઝોનને સંલગ્ન તમામ વિકાસ પરાવાનગીપાત્ર થતો હોઇ રહેણાંક ઝોનમાં કલર દર્શાવ્યા વગર પણ નગર રચના યોજના બનાવવમાં વાંધાજનક નથી આથી કાયદાની કલમ-૧૯ હેઠળ આવ મોટા જથ્થામાં ઝોનફેરની પ્રક્રિયાની જરૂરીયાત રહે નહી આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવમાં આવ્યું

**ઠરાવ ક્રમાંક (૨૨૧૨)** : વિલેજ એક્ષટેન્શન એરીયામાં રહેણાંક ઝોન (આર-૧) ને સંલગ્ન તમામ ઉપયોગો મળવાપાત્ર હોઇ નગર રચના યોજના પણ બનાવી શકાય તેમ હોઇ રહેણાંક ઝોન(આર-૧) દર્શાવવા અંગેની દરખાસ્ત નામંજુર કરવા ઠરાવવામાં આવ્યું.

મુધ્દા નંબર (૧૨) : નગર રચના યોજના બિલ નં.૧ તથા નગર રચના યોજના પાદરા નં.૨ માં એફ ફોર્મ માં સર્વે નંબર/ બ્લોક નંબર લખવામાં થયેલ પ્રિન્ટીંગ ભૂલમાં સુધારો કરવા બાબત

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં નગર રચના યોજના બિલ નં. ૧ તા. ૧૭/૬/૧૯૯૯ ના રોજ સરકારશ્રી દ્વારા આખરી મંજુર થઇ હાલ અમલમાં છે. જેમાં 'એફ' ફોર્મમાં બ્લોક નં. ૪૪૭ ને સ્થાને ૪૮૭ લખાયેલ છે. જયારે નગર રચના યોજના પાદરા નં. ૨ તા.૨૮/૦૮/૧૯૯૦ ના રોજ સરકારશ્રી દ્વારા આખરી મંજુર થઇ હાલ અમલમાં છે. જેમાં 'એફ' ફોર્મમાં રે.સ.નં. ૯૯૩/૧ ને સ્થાને ૯૯૭/૧ લખાયેલ છે. રે.સ.નં. / બ્લોક નં. લખવા માં થયેલ આવી પ્રિન્ટીંગ ભૂલને કારણે આ જમીન સામે મળેલ ફાઇનલ પ્લોટ બાબતે બિનખેતીની કાર્યવાહી દરમ્યાન પ્રશ્નો ઉપસ્થિત થયેલ હોઇ બંને જમીનના જમીન માલીકશ્રીઓ દ્વારા નમૂના 'છ' માં થયેલ ભૂલને સુધારી આપવા રજુઆત કરેલ છે. જેની રેકર્ડ સાથે ચકાસણી કરતા તેઓની રજુઆત વ્યાજબી જણાતી હોઇ બંન્ને નગર રચના યોજનાના ફોર્મ નં. 'છ' માં આ પ્રકારનો સુધારો કરવા તથા જરૂર જણાયે સરકારશ્રી કક્ષાએ સુધારો કરવા દરખાસ્ત કરવા અંગેની બાબત વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અંગેનો મુદ્દાનો મુદ્દો રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા બંન્ને કિસ્સાની કેસ ફાઇલની વિગતો ચકાસી તે મુજબ પણ ભૂલ જણાતી હોય તો કાયદાની કલમ – ૬૦ હેઠળ સુધારા માટે સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવાની રહે તેમ સર્વ સભયશ્રીઓનું મંતવ્ય હતુ આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**ઠરાવ ક્રમાંક ( ૨૨૧૩)** - નગર રચના યોજના બિલ નં.૧ તથા નગર રચના યોજના પાદરા નં.૨ માં એફ ફોર્મ માં સર્વે નંબર/ બ્લોક નંબર લખવામાં થયેલ પ્રિન્ટીંગ ભૂલ માટે મૂળ કેસ ફાઇલની ચકાસણી કરી તે મુજબ ભૂલ જણાતી હોય તો કાયદાની કલમ-૬૦ હેઠળ સુધારા માટે સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા ઠરાવવામાં આવ્યું અને આ અંગે આગળની સઘળી કાર્યવાહી કરાવની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યું.

મુધ્દા નબર (૧૩) : વુડાની પેનલ ઉપરના વકીલોને ચુકવવાની થતી ફીના ધોરણમાં નકકી કરવા બાબત.

સત્તામંડળની તા. ૨૧/૧૧/૨૦૦૬ ની ૧૯૬ મી બેઠકના ઠરાવ ક્રમાંક ૧૮૪૫ થી એડવોકેટશ્રી મયુર પંડયાના બીલોનું ચુકવણુ કરવા તથા હાલમાં એડવોકેટની પેનલમાં સમાવિષ્ટ કરવામાં આવેલ વકીલોની ચુકવવાની થતી ફી નકકી કરવા અંગે (૧) નાયબ કલેકટરશ્રી, વુડા (૨) કચેરી અધિક્ષકશ્રી, વુડા તથા (૩) સહાયક નગર નિયોજકશ્રી,વુડાની કમીટી બનાવેલ હતી.જે કમીટી દ્વારા થયેલ નિર્ણય પરત્વે વુડા બોર્ડની તા.૧૨/૦૬/૨૦૦૭ ૧૯૭ મી મોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૧૮૫૯ થી વુડાની પેનલ પરના એડવોકેટશ્રી મયુર પંડયાને કેસ દીઠ રૂા. ૧૦૦૦૦/- મુજબ તથા જુનીયર એડવોકેટશ્રીને રૂા. ૫૦૦૦/- પ્રમાણે ફી ચૂકવવા ઠરાવવામાં આવેલ હતુ જે મુજબ વર્ષ ૨૦૦૭ થી ચૂકવણુ કરવામાં આવે છે. હાલમાં જુનીયર એડવોકેટશ્રી તરીકે પેનલમાં નિમાયેલ શ્રી હેમંત મુન્શા દ્વારા ફી ના ધોરણમાં વધારો કરવા રજુઆત કરેલ છે. ફી નું ધોરણ નકકી થયાને સાત વર્ષ જેટલો લાંબો સમય થયેલ છે તથા સીનીયર એડવોકેટ તરીકે પેનલ પરના એડવોકેટશ્રી મયુર પંડયાની નાદુરસ્ત તબિયતના કારણે ઘણા કેસોમાં સીનીયર એડવોકેટ તરીકે શ્રી હેમંત મુન્શો ને કેસ સોંપવામાં આવે છે. જે બાબત ધ્યાને લઇ શ્રી હેમંત મુન્શોને ચૂકવવાની થતી ફી ના ધોરણમાં વધારો કરવાની બાબત. વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા વર્ષ ૨૦૦૭ માં ફી નું ધોરણ નકકી થયેલ છે. જેને ૭ વર્ષ જેટલો સમય થયેલ છે. આથી ફી ના ધોરણમાં વધારો કરવામાં હરકત સરખું નથી તેમ સર્વસભ્યોશ્રીઓનું મંતવ્ય હતું આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક ( ૨૨૧૪ )** : વુડાની પેનલ પરના એડવોકેટશ્રી હેમંત મુન્શોને કેસ દીઠ ચૂકવવામાં આવતી રૂા.૫૦૦૦/- ફી માં વધારો કરી રૂા.૧૦,૦૦૦/- મુજબ ચુકવવા ઠરાવવામાં આવ્યું તથા તે અંગે આગળની સઘળી કાર્યવાહી કરાવની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યું.

મુધ્દા નંબર (૧૪ ) મોજે ઉંડેરા ખાતે ગટર ઉભરાવાની પરીસ્થીતીના કારણે તાજેતરમાં મળેલ રજુઆત અને તે પરત્વે કરવાની થતી કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં છેલ્લા ધણા સમયથી ખૂબજ ઝડપથી ચારે બાજુ વિકાસ થઈરહેલ છે અને મોજે ગોરવા-ઉંડેરા ખાતે વુડા ધ્વારા ધણી બધી નવીન સોસાયટીઓને મંજુરી આપવામાં આવેલ છે. અગાઉ વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી ત્યારે ફકત ચકાસણી ફી લઈ વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી. આ ફીની આવક નજીવી હોય વિકસીત વિસ્તારોને સુવિધા આપી શકાતી નહતી અને વિકાસ પરવાનગી આપતી વખતે ગટર, પાણીની વ્યવસ્થા જમીન માલીક પર છોડી દેવાતી હતી અને તે અંગેની સ્પષ્ટ શરત તેમાં રાખવામાં આવતી હતી. પરંતુ કાયદાકીય જોગવાઈ જોતા અને ઝોનની દ્રષ્ટીએ પણ જોતા આ વિસ્તારોને વિકાસથી વંચીત ન રાખી શકાય, આથી આ વિસ્તારમાં બે નગર રચના યોજનાઓનુ આયોજન કરાયેલ હતુ. પરંતુ તેની સામે ના.ગુજરાત હાઈકોર્ટ તથા ના.સુપ્રીમ કોર્ટમાં કેસ થતા આ યોજનાઓને સ્ટે મળેલ છે. વુડાનો તા.૧૮/૧/૨૦૧૨ થી ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજના મંજુર થતા તેનો ક્લોઝ ૫.૩.૨ થી એમીનીટીઝ ચાર્જ લેવાનુ અસ્તીત્વમાં આવતા વુડા ધ્વારા ડ્રેનેજ અને વોટર સપ્લાય માટેનુ આયોજન શરૂ કરવામાં આવેલ છે.

આ વિસ્તારમાં પુષ્પમ ટાઉનશીપ, પેટ્રોફીલ્સ રોડની પાછળ આવેલ અન્ય સોસાયટીઓ (ગોવર્ધનપાર્ક, અબિકાધામ વિગેરે) તેમજ ગોરવા-ઉંડેરા રોડની દક્ષિણ તરફ આવેલ ગોપીનાથ ટેનામેન્ટ તથા તેની આજુ-બાજુ ની અન્ય સોસાયટીઓની હયાત ડ્રેનેજ લાઈનો ચોક-અપ થઈ ગયેલ, તે લાઈનો બદલવાનું, ચેમ્બરો સુધારણાની કામગીરી ઉપરાંત ઝુપડા વચ્ચેથી પસાર થતી મુખ્ય લાઈન પૈકી ૧૨૫ મીટર જેટલી લાઈન બદલી ૪૫૦ એમ.એમ.ડાયા મીટરની નવી લાઈન નાખવાથી ગટરો ઉભરાવાની સમસ્યામાંથી રાહત મળે તેમ હોવાની અગાઉની રજુઆતને ધ્યાનમાં લઈ, સદર કામગીરીઓ રૂા.૧૯.૪૬ લાખના ખર્ચે કરવામાં આવેલ હતી. સદર કામગીરી અને થયેલ ખર્ચને વુડાની બોર્ડ બેઠક નં.૨૧૯ તા.૧૧/૬/૨૦૧૩ ના ઠરાવ ક્રમાક : ૨૧૬૦ તથા બોર્ડ બેઠક નં.૨૨૧ તા.૨૪/૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાક : ૨૧૮૯ થી મંજુરી આપવામાં આવેલ હતી.

મોજે ગોરવા-ઉંડેરા પુષ્પમ ટાઉનશીપથી મુખ્ય લાઈનને જોડતી લાઈન તથા પેટ્રોફીલ્સના સીટી બસ સ્ટેન્ડ પાસેની મુખ્ય લાઈન જે અંદાજે ૫૫૦ મીટર લાંબી છે તે પૈકી અગાઉ ઉપર જણાવ્યા મુજબની ફકત ૧૨૫ મીટર લંબાઈમાં જ ૩૦૦ મીલી મીટર ડાયામીટરની પાઈપોને બદલે ૪૫૦ એમ.એમ.ડાયામીટરની પાઈપ લાઈન બદલવામાં આવેલ હતી. આમ આથી મુખ્ય લાઈન જે ૫૫૦ મીટરની છે, તે આખી બદલેલ ન હોવાના કારણે સદર વિસ્તારોમાં ડ્રેનેજના પાણી ઉભરાવવાની તાજેતરમાં રજુઆતો મળેલ છે. જેને ધ્યાને લેતાં મળેલ મૌખીક સુચના મુજબ સરોજ પાર્કથી મેરેજ હોલ સુધીની મુખ્ય લાઈન તથા પેટ્રોફીલ્સના સીટી બસના સ્ટેન્ડથી આગળની મુખ્ય લાઈન મળી કુલ ૪૨૫ મીટર લંબાઈમાં ૪૫૦ એમ.એમ.ડાયા મીટરની નવી આર.સી.સી. પાઈપ લાઈન નાખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨૨.૫૦ લાખ થાય તેમ છે. જેની તાંત્રિક મંજુરી મેળવી, આ કામની ટુંકી મુદતની જાહેર નિવિદા ધ્વારા આઈટમ રેટ ટેન્ડર ઓફરો મંગાવવા અને તે અન્વયે આવેલ ટેન્ડરોનું મુલ્યાંકન કરી, કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચની બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૧૫)** મોજે ઉંડેરા ખાતે ગટર ઉભરાવાની પરિસ્થિતીના કારણે થયેલ રજુઆતો અને તે પરત્વે સરોજ પાર્કથી મેરેજ હોલ સુધીની મુખ્ય લાઈન તથા પેટ્રોફીલ્સના સીટી બસના સ્ટેન્ડથી આગળની મુખ્ય લાઈન મળી કુલ ૪૨૫ મીટર લંબાઈમાં ૪૫૦ એમ.એમ.ડાયા મીટરની નવી આર.સી.સી. પાઈપ લાઈન નાખવાના અંદાજીત ખર્ચ રૂા.૨૨.૫૦ લાખને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર :(૧૫) વુડા વિસ્તારના ખાનપુર-અંકોડીયા ટી.પી.૨, ખાનપુર-સેવાસી ટી.પી.૧, સેવાસી ટી.પી.૧ તથા અંકોડીયા-ખાનપુર-સેવાસી ગામોના સિલેકટ કરેલ ભાગમાં પ્રથમ તબકકામાં ડ્રેનેજ નેટવર્કની કામગીરી બાબત.**

વુડા ધ્વારા વુડા વિસ્તારમાં ડેવલોપમેન્ટના કામો કરાવવાના થાય છે અને વર્ષ-૨૦૧૨ માં ધ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનાના અમલ બાદથી એમીનીટીઝ ફી તથા અન્ય વિકાસ ચાર્જ લેવામાં આવે છે. જેથી હવે રસ્તાઓ ઉપરાંત પાણીની તથા ડ્રેનેજની સુવિધાઓની કામગીરી કરવાની થાય છે. સદર બાબત વુડા બોર્ડ બેઠક નં.૨૧૫, તા.૧૩/૭/૧૨ માં રજુ થતા તેના ઠરાવ નં.૨૦૯૬ મુજબ ઓનલાઈન ટેન્ડર મંગાવી, ઈવેલ્યુશન કરી, લોએસ્ટ આવેલ SAI Consulting Engineers Pvt. Ltd., Ahmedabad ને પાણીની સુવીધા અને ડ્રેનેજ નેટવર્કના ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટની કામગીરી સોંપવામાં આવેલ. જે અંતર્ગત ફેઝ-૨ હેઠળના ખાનપુર, સેવાસી, અંકોડીયા (પાર્ટ), મહાપુરાનો ડ્રાફટ ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ રૂા.૮૨.૬૦ કરોડનો SAI Consulting Engineers Pvt.Ltd., Ahmedabad ધ્વારા રજુ થયેલ, જેને વુડા બોર્ડ બેઠક નં.૨૨૦ તા.૩/૧૦/૧૩ માં રજુ થતા તેના ઠરાવ ક્રમાંક નં.૨૧૭૬ થી સદર કામગીરી કરવા તથા તેના ખર્ચને મંજુર કરવામાં આવેલ છે.

**ડ્રાફટ ડી.પી.આર. મુજબ નીચે મુજબનો ખર્ચ મંજુર થયેલ છે.**

| | |
|---|---|
| ૧. ડ્રેનેજનુ નેટવર્ક, પમ્પીંગ સ્ટેશનો તથા એસ.ટી.પી. લાઈનો નાખવા સાથેની કામગીરી | રૂા.૬૦.૫૦ કરોડ |
| ૨. પાણીના નેટવર્કની કામગીરી | રૂા.૨૨.૧૦ કરોડ |
| | કુલ રૂા.૮૨.૬૦ કરોડ |

સુધારા-વધારા બાદ અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજનો રૂા.૪૦.૧૭ કરોડ તથા પાણી નેટવર્ક માટે રૂા.૨૩.૦૭ કરોડ મળી કુલ રૂા.૬૩.૨૪ કરોડનો ફાઈનલ ડી.પી.આર. મળેલ છે, તે પૈકી હાલમાં વિષયમાં જણાવેલ મુખ્યત્વે ટી.પી.વિસ્તાર પુરતી જ અન્ડરગ્રાન્ડ ડ્રેનેજનું પ્રથમ તબકકાનું અંદાજીત રૂા.૨૮.૫૬ કરોડના ખર્ચે કામગીરી કરવાનું આયોજન કરેલ છે. આ આયોજનમાં ફેઝ-૨ નો તમામ વેસ્ટવોટર ડીસ્ચાર્જ (૧૨.૦૧ એમ.એલ.ડી) સબ પંપીંગ સ્ટેશન (એસ.પી.એસ)નં.૨ થી ફેઝ-૩ (ભાયલી ટી.પી.) માં નાખવાનું આયોજન લીધેલ છે, તદનુસાર મેઈન ટ્રંક લાઈન ભાયલી ટી.પી.૮ માંથી પસાર થાય છે. હાલના તબકકે આશરે ૪ થી ૫ વર્ષ સુધી ટી.પી.૮ માના ડી.પી. રસ્તાઓ ખુલી શકે તેવી શકયતા નથી. જેથી આ પ્રથમ તબકકામાં સમાવિષ્ટ કરેલ વિસ્તારના વર્તમાન વિકાસને ધ્યાને લઈ ૪૦૦ એમ.એમ. ડાયા મીટરની, ૧૩૩૦ મીટર લાંબી (ડી.ડબલ્યુ.સી) પાઈપ લાઈન ઈન્ટ્રીમ સોલ્યુશન પેટે ભાયલી ટી.પી વિસ્તારમાં રૂા.૧.૫૫ કરોડના વધારાનો ખર્ચ કરી નાખવાની થાય તેમ છે. જે અંગે પ્રથમ તબકકાના તૈયાર કરેલ અંદાજમાં ઈન્ટ્રીમ કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ નથી. આમ ઉપરોકત કામગીરી દરમ્યાન, તે સમયેની વાસ્તવિક સ્થિતીને ધ્યાને લઈ અલગથી ટેન્ડર આમત્રીત કરવાનું રહેશે.

આમ, પ્રથમ તબકકાની રૂા.૨૮.૬૬ તથા ઈન્ટ્રીમ કામગીરીના રૂા.૧.૫૫ કરોડ મળી કુલ રૂા.૩૦.૧૧ કરોડની કામગીરી કરવાની થાય છે, તે અંગે આગળની કાર્યવાહી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૧૬)** : વુડા વિસ્તારના (ફેઈઝ-II) ના ખાનપુર-અંકોડીયા ટી.પી.૨, ખાનપુર-સેવાસી ટી.પી.૧, સેવાસી ટી.પી.૧ તથા અંકોડીયા-ખાનપુર-સેવાસી ગામોના સિલેકટ કરેલ ભાગમાં પ્રથમ તબકકામાં ડ્રેનેજ નેટવર્કની રૂા.૨૮.૬૬ કરોડની કામગીરી તથા ઈન્ટ્રીમ કામગીરીના રૂા.૧.૫૫ કરોડ મળી કુલ અંદાજીત ખર્ચ રૂા.૩૦.૧૧ કરોડને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર :(૧૬) શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડા વિસ્તારમાં પાણી તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ સીસ્ટમની સુવિધા આપવાના કામ માટે કન્સલ્ટન્ટશ્રી ધ્વારા સીંકદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, ખટંબા તથા અણખોલ (ફેઈઝ-IV) ના રજુ કરેલ ડ્રાફટ ડી.પી.આર તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજના ફાઈનલ ડી.પી.આર. રીપોર્ટ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનો છેલ્લા ઘણા સમયથી ખૂબજ ઝડપથી વિકાસ થઈ રહેલ છે. આ બાબતને ધ્યાને લઈ વુડા ધ્વારા ટી.પી.સ્કીમોના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમો ખોલાવી કાર્પેટ રોડની કામગીરી તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે. જેમા વેમાલી ટી.પી.સ્કીમ-૧,બીલ ટી.પી.સ્કીમ-૧, ભાયલી ટી.પી.સ્કીમ-૧ થી ૪ તથા સેવાસી ટી.પી.સ્કીમ-૧ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. જયારે હાલમાં વડોદરા મહાનગર સેવાસદનની વાસણા ખાતેની હદથી ભાયલી ગામના ગેટ સુધીના રોડની કામગીરીનો ઈજારો આપી કામગીરી શરૂ કરેલ અને તે પૂર્ણ થવા પર છે. પરન્તુ આની સાથે ડ્રેનેજ લાઈન તથા પાણીની લાઈનો નાખી તેની સુવિધાઓ આપવાની પણ ખૂબજ આવશ્યકતા છે. જાન્યુઆરી ૨૦૧૨ થી ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજના સરકારશ્રી ધ્વારા મંજુર કરી અમલમાં આવતા, તેની જોગવાઈઓ મુજબ નવી વિકાસ પરવાનગી આપવાના સમયે અથવા તો જેઓને વિકાસ પરવાનગી આપેલ છે પરંતુ ઓકયુપેશન સર્ટીફીકેટ મેળવેલ નથી, તેવા કીસ્સાઓમાં એમીનીટીઝ ચાર્જ વસુલવાનુ શરૂ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં વુડા વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીની સુવિધાઓ, હવે ફરજીયાત આપવાની થાય તેમ છે. આ સંજોગોમાં અગાઉ વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૧૬ તા.૦૫/૦૯/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક ૨૧૧૨ માં મળેલ મંજુરી મુજબ કન્સલટન્સી અંગેની કામગીરી મે.સાંઈ કન્સલટીંગ એન્જીનીયર્સ પ્રા.લી.ને સોંપવામાં આવેલ છે. તેઓને સોંપવામાં આવેલ ચોથા તબકકા(**ફેઈઝ-IV**)ના સીંકદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, અણખોલ તથા ખટંબા વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી તેનો ડ્રાફટ ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરેલ, જેમાં ખટંબા ખાતે કન્વેન્સનલ એસ.ટી.પી. બનાવવાની તથા મુખ્યત્વે સુચિત ડી.પી. રોડ પર મેઈન ટ્રંક લાઈન નાખવાનું આયોજન કરેલ છે. અન્ડર ગ્રાન્ડ ડ્રેઈનેજનો ફાઈનલ ડી.પી.આર.મળી ગયેલ છે.

આમ, ઉપરોકત વિગતે સીંકદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, અણખોલ અને ખટંબા વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીના નેટવર્ક અંગે સાંઈ કન્સલટન્ટશ્રી ધ્વારા બનાવેલ ડ્રાફટ ડી.પી. આર મુજબ, નીચે જણાવ્યાનુસાર અંદાજીત ખર્ચ થાય તેમ છે.

| | |
|---|---|
| ૧. ડ્રેનેજનુ નેટવર્ક, પમ્પીંગ સ્ટેશનો તથા એસ.ટી.પી. લાઈનો નાખવા સાથેની કામગીરી | રૂા.૬૭.૦૧ કરોડ |
| ૨. પાણીના નેટવર્કની કામગીરી | રૂા.૨૨.૦૮કરોડ |
| કુલ | રૂા.૮૯.૦૯ કરોડ |

હાલમાં ઉપરોકત વિગતો મુજબ કન્સલટન્ટ ધ્વારા પાણી તથા ડ્રેનેજની સુવિધાઓ માટે બનાવવામાં આવેલ ડ્રાફટ ડિટેઈલ્ડ પ્રોજેકટ રીપોર્ટ તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેઈનેજનો ફાઈનલ ડી.પી.આર. અન્વયે થનાર અંદાજીત કુલ ખર્ચ રૂા.૮૯.૦૯ કરોડને મંજુરી તથા તે અંગે કરવાની થતી આગળની તમામ કાર્યવાહી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૧૭ )** : વુડા વિસ્તારના (ફેઈઝ-IV) ના પાણી તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેઈનેજ સીસ્ટમની સુવિધા આપવાના કામ માટે કન્સલ્ટન્ટશ્રી ધ્વારા સીંકદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, ખટંબા તથા અણખોલ રજુ કરેલ ડ્રાફટ ડી.પી.આર તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેઈનેજના ફાઈનલ ડી.પી.આર. અન્વયે થનાર અંદાજીત ખર્ચ રૂા.૮૯.૦૯ કરોડને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર :(૧૭) શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડા વિસ્તારના સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં.૨, વેમાલી ટી.પી.સ્કીમ નં.૧ તથા તે ગામોને પાણી તથા ગટર સુવિધા આપવાના કામ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનો છેલ્લા ઘણા સમયથી ખૂબજ ઝડપથી વિકાસ થઈ રહેલ છે. આ બાબતને ધ્યાને લઈ વુડા ધ્વારા ટી.પી.સ્કીમોના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમો ખોલાવી કાર્પેટ રોડની કામગીરી તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે. જેમા વેમાલી ટી.પી.સ્કીમ-૧,બીલ ટી.પી.સ્કીમ-૧, ભાયલી ટી.પી.સ્કીમ-૧ થી ૪ તથા સેવાસી ટી.પી.સ્કીમ-૧ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. જયારે હાલમાં વડોદરા મહાનગર સેવાસદનની વાસણા ખાતેની હદથી ભાયલી ગામના ગેટ સુધીના રોડની કામગીરીનો ઈજારો આપી કામગીરી શરૂ કરેલ અને તે પૂર્ણ થવા પર છે. પરન્તુ આની સાથે ડ્રેનેજ લાઈન તથા પાણીની લાઈનો નાખી તેની સુવિધાઓ આપવાની પણ ખૂબજ આવશ્યકતા છે. જાન્યુઆરી ૨૦૧૨ થી ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજના સરકારશ્રી ધ્વારા મંજુર કરી અમલમાં આવતા, તેની જોગવાઈઓ મુજબ નવી વિકાસ પરવાનગી આપવાના સમયે અથવા તો જેઓને વિકાસ પરવાનગી આપેલ છે પરંતુ ઓકયુપેશન સર્ટીફીકેટ મેળવેલ નથી, તેવા કીસ્સાઓમાં એમીનીટીઝ ચાર્જ વસુલવાનુ શરૂ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં વુડા વિસ્તારમાં ડ્રેનેજ તથા પાણીની સુવિધાઓ, હવે ફરજીયાત આપવાની થાય તેમ છે. આ સંજોગોમાં અગાઉ વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૧૬ તા.૦૫/૦૯/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક ૨૧૧૨ માં મળેલ મંજુરી મુજબ કન્સલટન્સી અંગેની કામગીરી મે.સાંઈ કન્સલટીંગ એન્જીનીયર્સ પ્રા.લી.ને સોંપવામાં આવેલ છે. જે અન્વયે પત્રાંક જાવક નં.યુડીએ/સીવીલ/૮૫/૨૦૧૪, તા.૨૮/૦૨/૨૦૧૪ થી સમા, દુમાડ અને વેમાલી ગામોનો પાણી તથા ગટર સુવિધા અંગે ડીટેઈલ સર્વે કરી, ડ્રાફટ તથા ફાઈનલ ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવાનો કાર્યઆદેશ આપવામાં આવેલ છે.

સદર કામના કન્સલટન્ટ ધ્વારા સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને ડ્રાફટ ડિટેઈલ્ડ પ્રોજેકટ રીપોર્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. અત્યાર સુધી કરવામાં આવેલ કામગીરીને મંજુરી અર્થે તથા હવે પછી આ કામ અંગે કરવાની થતી આગળની તમામ કાર્યવાહી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૧૮)** : વુડા વિસ્તારના સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં.૨, વેમાલી ટી.પી.સ્કીમ નં.૧ ના વિસ્તારમાં કન્સલટન્ટ ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ સર્વેની કામગીરીને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર :(૧૮) મોજે સમીયાલા-બીલ-ભાયલી ટી.પી.નં.૫, ખાતે નગર રચના યોજનાના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી ૭ કી.મી. દુર, વડોદરા શહેરની દક્ષિણ-પશ્ચિમે, વડોદરા મહાનગર સેવાસદનની અટલાદરા અને તાંદલજા ગામની હદને લાગુમાં આશરે **૨૨૨ હેકટર** જમીનમાં સમીયાલા-બીલ-ભાયલી ટી.પી.નં.૫ બનાવવામાં આવેલ છે. આજુ-બાજુનો વિસ્તાર ખુબજ ડેવલોપ થઈ રહેલ છે. સરકારશ્રી ધ્વારા મે-૨૦૧૪ માં મુસધ્દારૂપ નગર રચના યોજના સમીયાલા-બીલ-ભાયલી નં.૫ ને મંજુર કરવામાં આવેલ છે અને આ ટી.પી.સ્કીમની આગળની કાર્યવાહી માટે સરકારશ્રી ધ્વારા ટાઉન પ્લાનીગ ઓફિસરશ્રીની નિયુકિત કરેલ છે. જેથી સદર વિસ્તારમાં થઈ રહેલ ડેવલોપમેન્ટને ધ્યાનને લેતા નગર રચના યોજનાના ટી.પી.ના રોડના પઝેશનો મેળવી, અમલીકરણ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સદર વિસ્તારમાં રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે.

સદર નગર રચના યોજનાનું અમલીકરણ કરવાનું હોવાથી સદર ટી.પી.સ્કીમમાં વુડાને ફાળવવામાં આવેલ વેચાણપાત્ર રહેણાંક તથા વાણિજયના પ્લોટના વેચાણથી અંદાજે રૂા.૬૦/- થી રૂા.૭૦/- કરોડ રૂપિયા મળે તેમ છે. આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી. સ્કીમમાં થનાર ખર્ચના ૭૫ % રકમ ગ્રાન્ટ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે. આ સંજોગોમાં ટી.પી. સ્કીમોના રોડનું સુંદર આયોજન કરી વધુ લોકઉપયોગી થાય તે મુજબ બનાવવાનું નકકી કરેલ છે. જેમાં ૧૮ મીટર તથા તેથી ઉપરના તમામ રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનું આયોજન કરેલ છે. સદર ટી.પી.સ્કીમના તમામ રસ્તાઓની લંબાઈ અંદાજે ૧૭૬૦૦ મીટર ની છે. આ રસ્તાઓ ભાયલી ટી.પી.સ્કીમના રસ્તાઓમાં લીધેલ ક્રસ થીકનેસ (ગેરી વિભાગ પાસેથી ડીઝાઈન તૈયાર કરાવેલ) મુજબ અનુમાન કરી રસ્તાઓની ડીઝાઈન અનુસરીએ તો અંદાજે રૂા.૨૩/- કરોડનો ખર્ચ થવા સંભવ છે. આમ સમીયાલા-બીલ-ભાયલી ટી.પી.નં.૫ ના અમલીકરણના ભાગરૂપે કાર્પેટ રસ્તાઓ બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર ખર્ચ બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૧૯)** : મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના સમીયાલા-બીલ-ભાયલી ટી.પી.નં.૫ ના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમના રોડના પઝેશનો મેળવી તેના કાર્પેટ રસ્તા બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૨૩/- કરોડને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળ કરવાની થતી સધળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર :(૧૯) મોજે સમા-દુમાડ-વેમાલી ટી.પી.નં.૨, ખાતે નગર રચના યોજનાના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરને અડીને તથા અમદાવાદ-વડોદરા એક્ષપ્રેસ હાઈવે જોડતા રસ્તાની પશ્ચિમ તરફ ની હદને લાગુમાં આશરે **૨૪૩ હેકટર** જમીનમાં સમા-દુમાડ-વેમાલી ટી.પી.નં.૨ બનાવવામાં આવેલ છે. આજુ-બાજુનો વિસ્તાર ખુબજ ડેવલોપ થઈ રહેલ છે. સરકારશ્રી ધ્વારા મે-૨૦૧૪ માં મુસધ્દારૂપ નગર રચના યોજના સમા-દુમાડ-વેમાલી ટી.પી.નં.૨ ને મંજુર કરવામાં આવેલ છે અને આ ટી.પી.સ્કીમની આગળની કાર્યવાહી માટે સરકારશ્રી ધ્વારા ટાઉન પ્લાનીંગ ઓફિસરશ્રીની નિયુકિત કરેલ છે. જેથી સદર વિસ્તારમાં થઈ રહેલ ડેવલોપમેન્ટને ધ્યાનને લેતા નગર રચના યોજનાના ટી.પી.ના રોડના પઝેશનો મેળવી, અમલીકરણ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સદર વિસ્તારમાં રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે.

સદર નગર રચના યોજનાનું અમલીકરણ કરવાનું હોવાથી સદર ટી.પી.સ્કીમમાં વુડાને ફાળવવામાં આવેલ વેચાણપાત્ર રહેણાંક તથા વાણિજયના પ્લોટના વેચાણથી અંદાજે રૂા.૭૦/- થી રૂા.૮૦/- કરોડ રૂપિયા મળે તેમ છે. આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી.સ્કીમમાં થનાર ખર્ચના ૭૫ % રકમ ગ્રાન્ટ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે. આ સંજોગોમાં ટી.પી. સ્કીમોના રોડનું સુંદર આયોજન કરી વધુ લોકઉપયોગી થાય તે મુજબ બનાવવાનું નકકી કરેલ છે. જેમાં ૧૨ મીટર તથા તેથી ઉપરના તમામ રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનું આયોજન કરેલ છે. સદર ટી.પી.સ્કીમના તમામ રસ્તાઓની લંબાઈ અંદાજે ૨૧૨૦૦ મીટર ની છે. આ રસ્તાઓ ભાયલી ટી.પી.સ્કીમના રસ્તાઓમાં લીધેલ ક્રસ થીકનેસ (ગેરી વિભાગ પાસેથી ડીઝાઈન તૈયાર કરાવેલ) મુજબ અનુમાન કરી રસ્તાઓની ડીઝાઈન અનુસરીએ તો અંદાજે રૂા.૩૪/- કરોડનો ખર્ચ થવા સંભવ છે. આમ સમા-દુમાડ-વેમાલી ટી.પી.નં.૨ ના અમલીકરણના ભાગરૂપે કાર્પેટ રસ્તાઓ બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર ખર્ચ બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૨૨૦)** : મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં.૨ ના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમના રોડના પઝેશનો મેળવી તેના કાર્પેટ રસ્તા બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૩૪/- કરોડને સર્વસર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**